


ખંડ-૩
અંક-૧૨
ડિસેમ્બર ૨૦૧૭

# કૃષિ ઉત્પાદન અને
# બજાર દર્શન
## કૃષિ ઉદય...

### લઘુત્તમ ટેકાના ભાવ




કૃષિ ઉત્પાદનના ભાવમાં જોવા મળતાં તીવ્ર ઘટાડા સામે ખેડૂતોને રક્ષણ આપવા માટે લઘુત્તમ સમર્થન મૂલ્ય સ્વરૂપે ભારત સરકાર બજારમાં હસ્તક્ષેપ કરે છે. કૃષિ ખર્ચ અને મૂલ્ય આયોગની ભલામણોના આધારે કેટલાંક પાકની વાવણીની ઋતુની શરૂઆતમાં ભારત સરકાર લઘુત્તમ ટેકાના ભાવો જાહેર કરે છે. ભારત સરકાર દ્વારા ખેડૂતોને રક્ષણ આપવા માટે લઘુત્તમ ટેકાના ભાવ (એમએસપી) નક્કી કરવામાં આવે છે. મબલખ ખેત ઉત્પાદનના વર્ષ દરમિયાન વધુ પડતા ભાવ ઘટાડા સામે ખેડૂતોના રક્ષણ માટે ભારત સરકાર દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરવામાં આવે છે. લઘુત્તમ ટેકાના ભાવ સરકાર તરફથી ખેડૂતોને તેમના ઉત્પાદનની બાંયધરી કિંમત છે. જેનો મુખ્ય ઉદ્દેશ ખેડૂતોને નીચી કિંમતે ફરજીયાત વેચાણ અટકાવવું, જાહેર વિતરણ માટે અનાજ પ્રાપ્તિ તેમજ બફર સ્ટોક જાળવવાનો છે. કૃષિ પેદાશોના મબલખ ઉત્પાદનથી બજારમાં વધારે ઉત્પાદન આવવાથી તેની કિંમત લઘુત્તમ ટેકાના ભાવથી નીચે આવે ત્યારે સરકારી એજન્સીઓ (ખેડૂતો દ્વારા જાહેર કરેલા કુલ જથ્થા) દ્વારા લઘુત્તમ ભાવે ખેડૂતોના ઉત્પાદનની ખરીદી કરવામાં આવે છે.

અધ્યક્ષ:
પ્રો. શિરીષ આર. કુલકર્ણી

માનનીય સલાહકાર :
ડૉ. મહેશ પાઠક

મુખ્ય સંપાદક :
ડૉ. એસ. એસ. કલમકર

સહસંપાદક :
ડૉ. એચ. પી. ત્રિવેદી
ડૉ. ડી. જે. ચૌહાણ

સંપાદક :
ડૉ. હેમંત શર્મા

વિષય સંપાદક :
ડૉ. એસ. આર. ભૈયા
ડૉ. વિજય એસ. જરીવાલા
ડૉ. એમ. એન. સ્વેન
શ્રી એમ. મકવાણા

પ્રસાર પ્રભારી :
શ્રી દીપ કે. પટેલ

પ્રકાશક :
એગ્રો ઈકોનોમિક રિસર્ચ સેન્ટર,
સરદાર પટેલ યુનિવર્સિટી,
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
આણંદ, ગુજરાત

E-mail: director.aerc@gmail.com
website: www.aercspu.ac.in

**લઘુત્તમ ટેકાના ભાવ નક્કી કરતાં પરિબળો**

લઘુત્તમ ટેકાના ભાવ અને અન્ય કિંમત સિવાયના પગલાંના સ્તરની ભલામણોને ઘડવામાં, આયોગ ચોક્કસ કૃષિ પેદાશો અથવા કૃષિ પેદાશોના જૂથના અર્થતંત્રના સમગ્ર માળખાના વ્યાપક દૃષ્ટિકોણ સિવાય, નીચેના પરિબળોને ધ્યાનમાં લે છે.:

- ઉત્પાદનની કિંમત
- કૃષિ નિક્ષેપોના ભાવોમાં ફેરફાર
- નિક્ષેપ-ઉત્પાદન કિંમત સમાનતા
- બજાર ભાવના વલણ
- માંગ અને પુરવઠો
- આંતર-પાક કિંમત સમાનતા
- ઔદ્યોગિક ખર્ચ માળખા પર અસર
- જીવન નિર્વાહના ખર્ચ પર અસર
- સામાન્ય ભાવ સ્તર પર અસર
- આંતરરાષ્ટ્રીય ભાવની સ્થિતિ
- ખેડૂતો દ્વારા ચૂકવવામાં આવતા ભાવ અને મળતાં ભાવ વચ્ચેની સમાનતા.

**સહાયના ભાવો અને તેની અસરો**

- કૃષિ ખર્ચ અને કિંમત આયોગ જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સૂક્ષ્મ અને સંયુક્ત માહિતીનો ઉપયોગ કરે છે. આયોગ દ્વારા વાપરવામાં આવતી માહિતી, અન્ય નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ -
- દેશના વિવિધ પ્રદેશો/રાજ્યોમાં હેક્ટરદીઠ ખેત ખર્ચ અને ખર્ચના માળખામાં આવેલ ફેરફાર;
- દેશના વિવિધ પ્રદેશો/રાજ્યોમાં ક્વિન્ટલ દીઠ ઉત્પાદનની કિંમત અને તેમાં ફેરફાર;
- કૃષિ નિક્ષેપોના ભાવો અને તેમાં થયેલાં ફેરફારો
- ઉત્પાદનોના બજાર ભાવ અને તેમાં થયેલાં ;
- ખેડૂતો દ્વારા વેચાયેલ પેદાશો અને તેમનાં દ્વારા ખરીદેલી પેદાશોની કિંમતો અને તેમાં થયેલ ;
- પુરવઠા સંબંધિત માહિતી-વિસ્તાર, ઉપજ અને ઉત્પાદન, આયાત, નિકાસ અને સ્થાનિક પ્રાપ્યતા અને સરકાર/જાહેર એજન્સીઓ અથવા ઉદ્યોગ પાસેનો જથ્થો;
- માંગ સંબંધિત મા લણો અને પ્રક્રિયા ઉદ્યોગની ક્ષમતા;
- આંતરરાષ્ટ્રીય બજારોમાં ભાવ અને તેમાં ો, વિશ્વ બજારમાં માંગ અને પુરવઠાની સ્થિતિ;
- કૃષિ પેદાશોમાંથ ેળ, શણ, ખાદ્ય/બિન-ખાદ્યતેલ અને ક ચેલ ફેરફારો;
- કૃષિ પેદાશોની પ્રક્રિયા અને તેમાં ફેરફારોની કિંમત;
- બજાર કિંમત સંગ્રહ ે, કર/ફી અને બજાર દ્વારા જાળવવામાં આવેલ માર્જિન; અને
- સમગ્રલક્ષી આર્થિક પરિબળો જેમ કે સામાન્ય ભાવ સપાટી, ગ્રાહક સૂચકાંક/ભાવાંક અને નાણાંકીય અને રાજકીય પરિબળોને પ્રતિબિંબિત કરનારા

## Encouraging Cultivation

| Commodity | MSP for 2016-17 (R/Qtl) | MSP for 2017-18 (R/Qtl) |
|---|---|---|
| WHEAT | 1,625 | 1,735 |
| BARLEY | 1,325 | 1,410 |
| GRAM | 4,000 | 4,400 |
| MASUR(LENTIL) | 3,950 | 4,250 |
| RAPESSED/MUSTARD | 3,700 | 4,000 |
| SAFFLOWER | 3,700 | 4,100 |

## શેરડીના કિંમતની નીતિ

શેરડીના ભાવ આવશ્યક ચીજવસ્તુ ધારો (ઇસીએ),૧૯૫૫ હેઠળ શેરડીના ભાવ (નિયંત્રણ) ઓર્ડર, ૧૯૬૬ ના કાનૂની જોગવાઈઓ (નિયંત્રણ)ઓર્ડરના વૈધાનિક જોગવાઈઓ દ્વારા સંચાલિત થાય છે. ૨૦૦૯-૧૦ ની ખાંડની સિઝન પહેલાં, કેન્દ્ર સરકાર શેરડીના વૈધાનિક ન્યૂનતમ ભાવ (એસએમપી) નક્કી કરી રહી હતી અને ખાંડની મિલો ખેડૂતોને ૫૦:૫૦ ધોરણે નફો આપવાની હકદાર હતી. નફાની આ વહેંચણી વાસ્તવિક રીતે અમલી ન થતી હોવાથી, શેરડી (નિયંત્રણ) ઓર્ડર, ૧૯૬૬નો ઓક્ટોબર, ૨૦૦૯ માં સુધારો કરવામાં આવ્યો હતો અને શેરડીની એમએસપીની સ્થાને વાજબી અને લાભદાયી કિંમત (એફઆરપ વી જોગવાઇ 'જોખમ અને નફાના કાર બી માર્જિન' એફઆરપી બહાર કા દાખલ કરવામાં આવ્યું હતું અને અસરકારક બની હતી. તદ્નુસા બદ્ધ વૈધાનિક પરિબળોને લગતી ચૂકવણી કરવી જરૂરી છે, જેમાં,

- શેરડીના ઉત્પાદનની કિંમત;
- વૈકલ્પિક પાકોમાંથી ખેડૂતોને આપવાનું વળતર અને કૃષિ પેદાશોના ભાવના

- ગ્રાહકોને વાજબી ભાવે ખાંડની ઉપલબ્ધતા;
- ખાંડના ભાવ;
- શેરડીમાંથી ખાંડનો પુનઃપ્રાપ્તિ દર;
- ગૌણ-પેદાશોના વેચાણમાંથી બનાવેલ વસૂલાત જેમ કે મોલાસિસ, બગાસી અને પ્રેસ મડ અથવા તેમના અંદાજીત મૂલ્ય (ડિસેમ્બર,૨૦૦૮ માં દાખલ કરેલ) અને;
- જોખમ અને નફાના કારણે શેરડી ઉગાડનારાઓ માટે વાજબી માર્જિન (ઓક્ટોબર, ૨૦૦૯ માં સામેલ).

રાજ્યો પણ રાજ્ય સલાહકાર કિંમત(એસએપી)ની જાહેરાત કરે છે, જે સામાન્ય રીતે એસએમપી કરતાં વધારે હોય છે.

## THIN MARGINS

Minimum Support Price (MSP) for Kharif Crops in 2017.

| Crop | Comprenesive (C2) Cost/quintal (in Rs.) | MSP/quintal (in Rs.) | % returns over costs | % increase in MSP (2017-18 over 2016-17) |
|---|---|---|---|---|
| Paddy | 1,484 | 1,550 | 4.4 | 5.4 |
| Arhar (Tur) | 4,612 | 5,450 | 18.2 | 7.9 |
| Urad | 5,517 | 5,400 | 19.5 | 8 |
| Moong | 5,700 | 5,575 | -2.2 | 6.7 |
| Sunflower Seed | 4,526 | 4,100 | -9.4 | 3.8 |
| Soyabean | 2,921 | 3,050 | 4.4 | 9.9 |
| Cotton (Medium Staple) | 4,376 | 4,020 | -8.1 | 4.2 |
| Maize | 1,396 | 1,425 | 2.1 | 4.4 |

Source: Commission for Agricultural Costs and Prices, Ministry of Agriculture

## આવરી લેવામાં આવેલ પાકો

હાલમાં ૨૯ પેદાશોને આવરી લેવામાં આવેલ છે જે નીચે મુજબ છે,

- અનાજ (૭) - ડાંગર, ઘઉં, જવ, જુવાર, બાજરી, મકાઇ અને રાગી
- કઠોળ (૫) ચણા, તુવેર, મગ, અડદ અને મસૂર
- તેલીબિયાં (૮) - મગફળી, સરસો/રાયડો, તોરીયા, સોયાબીન, સૂર્યમુખી બીજ, તલ, કુસુમ બીજ અને નિલગીરી બીજ
- કોપરા
- સૂકું નાળિયેર
- કાચો કપાસ
- કાચો શણ
- શેરડી (યોગ્ય અને લાભપ્રદ કિંમત)
- વર્જિનીયા ફ્લુ નિદાનિત (વીએફસી) તમાકુ

ખેડૂત તેમના ઉત્પાદનોના ભાવને લગતી માહિતી એગમાર્નેટ વેબસાઈટ (www.agmarknet.nic.in) પર અથવા કિસાન કોલ સેન્ટર અથવા એસએમએસ દ્વારા મેળવી શકે છે.

- યોગ્ય સમયે કાપણી અને લણણી થવી જોઈએ.
- વધુ સારા ભાવો માટે વેચાણ કરતા પહેલા યોગ્ય ગ્રેડિંગ, પેકિંગ અને લેબલિંગ કરવું જોઈએ.
- પ્રાયોગિક ભાવ મેળવવા માટે યોગ્ય બજાર/મંડળી ખાતે ઉત્પાદનનું પરિવહન કરવું જોઇએ.
- મહત્તમ નફો માટે ઉપ-મોસમ દરમિયાન વેચાણ કરવા માટે સંગ્રહ કરવો જોઈએ.
- ફરજીયાત વેચાણ ટાળો.
- ખેડૂતો એક જૂથમાં સારી બજાર સુવિધાઓ માટે સહકારી મંડળીઓ બનાવી શકે છે.
- સહકારી છૂટક અને જથ્થાબંધ બજારની દુકાનો ખોલી શકે છે
- ખેડૂતો ફરજીયાત વેચાણ ટાળવા માટે ઉત્પાદનનો સંગ્રહ કરવા માટે વાતાનુકૂલિત સંગ્રહ વ્યવસ્થા અને વેરહાઉસ પણ ચલાવી શકે છે.

## નજીવી સરકારી સહાયથી ભારતની પ્રથમ ખેત ઉત્પાદન બજાર સમિતિ (એપીએમસી)ની સ્થાપના

તાજેતરમાં જ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ અમરેલી ખેત ઉત્પાદન બજાર કમિટીના અધ્યક્ષ શ્રી પી. સોજીત્રાની પ્રશંસા કરી હતી. કારણ હતુ કે ફતેપુરમાં તેના નવા માર્કેટ યાર્ડના વિકાસમાં એપીએમસી કાર્યરત છે તે ધિરાણનો અનન્ય મોડલ છે કે જે અમરેલી શહેર



બહારના ગામ ફતેપુર ખાતે તેના નવા બજાર યાર્ડના વિકાસમાં કાર્યરત છે. નવુ યાર્ડ, કે જે રૂ.૧૨૫ કરોડની કિંમતે બનાવેલ છે કે જેમાં, દરેકમાં ૨૫૦૦૦ ચોરસ ફુટના ૧૦ જાહેર હરાજીના શેડ, ત્રણ લાખ ચોરસફૂટની ખુલ્લી જગ્યા, ૨૦૦ દુકાનો/કચેરીઓ, એક સુનિશ્ચિત ગેસ્ટ હાઉસ, એક ખેડૂત તાલીમ કેન્દ્ર, જમીન ચકાસણી પ્રયોગશાળા અને ઉત્પાદનની ગ્રેડિંગ સુવિધા, ભૂગર્ભ કેબલ અને તેમાં પાણીના નિકાલ માટેની ગટર વ્યવસ્થા પણ છે. પરંતુ તે અન્ય ખેત ઉત્પાદન બજાર સમિતિ-માલિકીના બજારથી અલગ છે તે ભારતમાં ભાગ્યે જ જોવા મળતાં કોઈ રાજ્યમાં સરકારની સહાય વિના અથવા બેંકમાંથી લોન વિના બાંધવામાં આવેલ છે. ૧૯૫૩માં અમરેલી ખેત ઉત્પાદન બજાર સમિતિની સ્થાપના કરવામાં આવી હતી કે જે સૌરાષ્ટ્ર પ્રદેશમાં સૌથી જૂની છે. અમરેલી શહેરની ખેત ઉત્પાદન બજાર સમિતિ હાલ છ હેક્ટર સુધી ફેલાયેલી છે, સમય જતાં અને વધતાં જતાં પાકના આગમન સાથે, શહેરની પોતાની વૃદ્ધિ સાથે સંકળાયેલા વાહનોની ટોચ પર, તે અનિવાર્યપણે ફાળો આપ્યો છે.

## ભારત બાંગ્લાદેશમાં પાંચ લાખ ટન ચોખાની નિકાસ કરશે



તાજેતરના વર્ષોમાં ભારત અને બાંગ્લાદેશ વચ્ચે પહેલી વખત, ભારત બાંગ્લાદેશની સ્થાનિક માંગને પહોંચી વળવા અને બફર સ્ટોક બનાવવા માટે આશરે ૫ લાખ ટન મસાલાવાળા ચોખાની નિકાસ કરશે. બાંગ્લાદેશમાં ચોખાની નિકાસ કરવા માટે કેન્દ્ર સરકારે કૃષિ સહકારી નાફેડને મંજૂરી આપી દીધી છે. હાલના મહિનાઓમાં ભારે પૂરથી પાક નુકસાનને લીધે બાંગ્લાદેશમાં ઉત્પાદનમાં આ વર્ષે ૧.૫ મિલિયન ટન (MT)નો ઘટાડો થઈ રહ્યો છે. બાંગ્લાદેશના પૂરવઠા મંત્રાલયે ૧૫ ઓક્ટોબરે ભારત પાસેથી ચોખાના પુરવઠા માટેની પ્રક્રિયા અને સમય-મર્યાદા નક્કી કરવા માટે એક બેઠક બોલાવી છે. જેમાં ચોખાની નિકાસ જી-ટુ-જી (સરકાર-થી-સરકાર) ધોરણે હાથ ધરવામાં આવશે, ભારતમાંથી ચોખાની નિકાસ માટે કોઈ ટેન્ડર બહાર પાડવામાં નહીં આવે. ચાલું નાણાંકીય વર્ષમાં ખાનગી વેપારીઓ દ્વારા આશરે ૧.૫ લાખ ટન જેટલાં ચોખાની નિકાસ બાંગ્લાદેશમાં કરવામાં આવી છે.

## આગામી વર્ષમાં ખાદ્ય તેલની આયાતમાં વધારો થશે

૨૦૧૭-૧૮(નવેમ્બર-ઓક્ટોબર) ના આગામી વર્ષ દરમિયાન આયાતી ખાદ્ય તેલ પર ભારતની નિર્ભરતા રેકોર્ડ સુધી પહોંચવાની શક્યતા છે. સ્થાનિક સ્ત્રોતોની પ્રાપ્યતામાં ઘટાડો થવાથી વપરાશમાં નીચી ઉપલબ્ધતા અને સતત વધારો થવો અપેક્ષિત છે. સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ એસોસિએશન, સર્વોચ્ચ ઉદ્યોગ સંસ્થા દ્વારા સંકલિત માહિતીના આધારે સપ્ટેમ્બર-૨૦૧૭માં પૂરા થયેલા ૧૧ મહિનાના સમયગાળા માટે વનસ્પતિ તેલ (૯૮ ટકા ખાદ્ય અને બે ટકા બિન-ખાદ્ય, આયાત) ૧૪.૨૭ મિલિયન ટનની સરખામણીએ ગત વર્ષે ૧૩.૫૭ મિલિયન ટનની સરખામણી દર્શાવેલી છે. આ વર્ષે ઓક્ટોબરમાં અન્ય ૧.૨- ૧.૩ મિલિયન ટન આયાત વધીને ૧૫.૫ મિલિયન ટન થવાની ધારણા છે. વર્ષ ૨૦૧૭-૧૮માં,મોટા વિસ્તારોમાં પૂરને કારણે પાકના નુકસાનથી અને ઓછા વાવેતરને કારણે સોયાબીનના ઉત્પાદનમાં ઘટાડો થયો છે. ગયા વર્ષના ૧૨ મિલિયન ટનથી સોયાબીનના ઉત્પાદનમાં ઘટાડો ૯ મિલિયન ટનની આસપાસ આગાહી કરવામાં આવી છે.

Book Post

To,

DOI : December 25, 2017

From:
**Agro-Economic Research Centre**
*For the states of Gujarat and Rajasthan*
(Ministry of Agriculture & Farmers Welfare, Govt. of India)
H.M. Patel Institute of Rural Development,
Opp. Nanadalaya Temple, Post Box No. 24,
**Sardar Patel University**
Vallabh Vidyanagar 388120, Anand, Gujarat
Ph.No. +91-2692-230106, 230799, Fax- +91-2692-233106
E-mail : director.aerc@gmail.com
Website: www.aercspu.ac.in

*Acknowledged the information used/taken from the public domain*

Lajja : 02692-233864